# શહેરમાં બપોરના સમયે માર્ગો સૂમસાન બન્યા

## ગરમીનો પારો ઉંચો થતા શહેરીજનો બપોરના સમયે ઘરમાંથી કામ વગર નીકળવાનું ટાળી રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૬
શહેરમાં ઉનાળાની અંગ દઝાડતી ગરમીના કારણે માર્ગો બપોરના સમયે સૂમસાન થઈ જાય છે. શહેરીજનો કામ વગર બહાર નીકળવાનુ ટાળી રહ્યા છે. વધતા તાપમાનની સાથે ગરમીની ઋતુ બીજા અનેક રોગોને પણ સાથે લઈને આવે છે. વધતુ જતુ ગરમ તાપમાન શરીરના દરેક અંગોને નુકસાન પહોંચાડે છે તેથી શહેરીજનો બપોરે તડકામાં કામ વગર બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. ગરમીની આ સિઝનમાં લાંબો સમય તડકામાં ફરવામાં આવે અથવા ઘરની અંદર પણ યોગ્ય તાપમાન ન જળવાય તો તેના કારણે લૂ લાગી શકે છે. આ સમસ્યા નાના બાળકો અને મોટી ઉંમરની વ્યક્તિઓમાં વધુ તીવ્ર સ્વરૂપ ધારણ કરી શકે છે.

ઉનાળામાં ખોરાકજન્ય રોગોની માત્રા પણ વધી રહી છે. જે સામાન્ય રીતે સંક્રમિત ખોરાક અથવા દૂષિત પાણીના લીધે ફેલાય છે. ખોરાક જલદી બગડતો હોવાથી તેમાં બેક્ટેરિયા, ટોક્સિન્સ, વાઈરસ વિગેરે ઉદ્ભવતા હોય છે જે પેટમાં દુખાવો, ઝાડા, ઉલટી, તાવ વગેરે કરી શકે છે અને હાલમાં આ બિમારીઓ વધી જવા પામી છે. જો કે ડોક્ટર દ્વારા ઉનાળાની ઋતુમાં બહારનું ખાવાનું ટાળવું જોઈએ તેની સલાહ આપવામાં આવે જ છે.




ઘોર તાપમાં પાણી પૂરતા પ્રમાણમાં લેવામાં ન આવે તો સિવિયર ડિહાઈડ્રેશન થઈ શકે છે આપણું શરીર પરસેવાના સ્વરૂપમાં પાણી સાથે વિવિધ પ્રકારના મિનરલ્સ જેમ કે પોટેશિયમ પણ ગુમાવે છે આથી ગરમીની ઋતુમાં સાદા પાણી સાથે આ તત્વો પણ પૂરતા પ્રમાણમાં લેવા જરૂરી છે. જેમાં વિવિધ પ્રકારના એનર્જી ડ્રિંક્સ, લીંબુ પાણી, નારિયેળ પાણી, જ્યુસ વિગેરેનો ઉપયોગ કરવો જોઈએ. જોકે શહેરમાં આ બધા પીણાની ડિમાન્ડ પણ વધી જવા પામી છે. શહેરીજનો ભરપુર માત્રામાં ઠંડી પીણા અને ફળફળાદિની ખરીદી કરી રહ્યા છે.

ઉનાળાની ઋતુમાં ગાલપચોળુ, ઓરી, અછબડા વિગેરે જેવા વાઈરલ ઈન્ફેક્શન પણ થાય છે. જે સામાન્ય રીતે છીંક આવવાથી, ખાંસી ખાવાથી ફેલાતા હોય છે. સામાન્ય રીતે આ રોગોમાં તાવ આવવો, સરદી, ખાંસી, શરીર પર વિવિધ પ્રકારના દાણાં નીકળવા, લાળગ્રંથિઓમાં સોજો આવવો વગેરે લક્ષણો જોવા મળે છે.

આ ઉપરાંત ટાઈફોઈડ અને કમળો, હિપેટાઈપ્સિ-એ અને ઈ પ્રકારના ઈન્ફેક્શન પણ સંક્રમિત ખોરાક અને દૂષિત પાણીથી ફેલાયછે. આ પ્રકારના રોગો ગરમીની ઋતુમાં વધુ જોવા મળે છે.

ઉનાળામાં અલ્ટ્રા વાયોલેટ કિરણોના કારણે સનબર્ન થાય છે. જેના કારણે શરીર પર લાલ ચકામા પડી જાય છે. તેથી ગરમીની ઋતુમાં બપોરના સમયે ઘરની બહાર નીકળવુ શહેરીજનો ટાળે છે. ગરમીના કારણે માર્કેટમાં પણ કાગડા ઉડી રહ્યા છે.

સાંજે અને સવારના સમયે શહેરીજનો ઘરની બહાર નીકળવાનું પસંદ કરી રહ્યા છે. રાત્રે પણ શહેરીજનોની અવરજવર વધી રહી છે. ગરમીથી રાહત મેળવવા ઠંડા પીણા અને બરફગોળાનો સ્વાદ માણવા શહેરીજનો બહાર ફરતા નજરે પડી રહ્યા છે.

## ગાંધીનગર મને ગમે છે...

- નરેશ પંડ્યા
(રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, સેક્ટર-૧૭)

સન્ ૧૯૮૬માં ગાંધીનગર ખાતે જ્યારે હું ગુજરાત સરકારની સેવામાં જોડાયો ત્યારથી લઈ અત્યાર સુધી ગાંધીનગરમાં જ રહ્યો છું. ગાંધીનગર એ ગુજરાતનું પાટનગર છે, અને પાટનગરમાં રહેવાનું કોને ન ગમે ? બીજું આ શહેર મને ગમવાનું કારણ એ છે કે એ મારી કર્મભૂમિ રહ્યું છે. માણસને પોતાની જન્મભૂમિની જેમ જ કર્મભૂમિ સાથે પણ એક વિશેષ લગાવ થઈ જાય છે. તેથી પણ ગાંધીનગર મને પોતીકું લાગે છે. મારા પછીની પેઢી તો હવે આ શહેરને જ પોતાનું વતન ગણે છે. સરકારી ફરજ અને કર્તવ્યનિષ્ઠાના બદલામાં જોઈએ તો ગાંધીનગરે મને ઘણી રીતે પુરુષ્કૃત કર્યો છે. જીવનના ઉતારચઢાવની સાથે સાથે આ શહેર મારી પ્રગતિ તથા પદોન્નતિનુ પણ સાક્ષી છે. મારા વ્યક્તિગત વિકાસની સાથે સાથે આ શહેરના વિકાસને પણ હું જોઈ રહ્યો છું. હું જ્યારે ગાંધીનગર આવ્યો ત્યારે એવી વાતો થતી હતી કે ભવિષ્યમાં ગાંધીનગર અને અમદાવાદ એક થઈ જશે. આજે એ સાચું ઠર્યું છે. માણસનો નોકરીધંધો ભલે અમદાવાદમાં હોય પણ જો તેને તક મળે તો તે ગાંધીનગરમાં રહેવાનું પસંદ કરે છે. અહીં ગુજરાતના દરેક ખૂણેથી, અને હવે તો ગુજરાત બહારના પણ અનેક લોકો જ્ઞાતિજાતિના ભેદભાવ વિના હળીમળીને સાથે રહે છે. ગાંધીનગર નવું વિકસેલું શહેર હોવા છતાં અહીં ઉત્સવો, તહેવારો અને મેળાઓ ઠાઠથી ઉજવાય છે. તેમાંય અષાઢી બીજની રથયાત્રાનો તહેવાર સમગ્ર શહેર ધામધૂમથી મનાવે છે. હું પણ વર્ષો સુધી આ યાત્રામાં સામેલ થયેલો છું અને તેનો આનંદ અને સ્મૃતિ હજી વિસરાતી નથી. ગાંધીનગરમાં જેમજેમ રહેણાંક વિસ્તાર અને વસ્તી વધતા જાય છે તેમતેમ તેનો આંતર માળખાકીય વિકાસ અને અન્ય સુવિધાઓ વિકસાવવાનું કાર્ય પણ નગરસેવકો તથા શાસકો ધગશથી કરી રહ્યાં છે. જેના કારણે હર્યાભર્યા બાગબગીચાઓ, પહોળા રસ્તાઓ, અન્ડરપાસ, ઓવરબ્રીજ, મેટ્રો રેલ્વે, નવીનવી ઈમારતો, યુનિવર્સિટીઓ જેવી અસંખ્ય સુવિધાઓ આપણાને મળી રહી છે અથવા મળવામાં છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતાં ઉમેદવારો માટે તો ગાંધીનગર કેન્દ્ર બની ગયું છે. અનેક આશાઓ સાથે અહીં રહીને યુવાનો/યુવતિઓ અહીંના રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયમાં બેસીને પરીક્ષાઓની તૈયારી કરે છે. તેમની ઉજ્જવળ કારકિર્દી ઘડવામાં આ શહેર આ રીતે નિમિત્ત બને છે. ગાંધીનગરની વાત નીકળે ત્યારે ગાંધીનગરના પ્રશ્નો, સંવેદનાઓ અને સમાચારોને દાયકાઓથી જે વાચા આપી રહ્યું છે તે 'ગાંધીનગર સમાચાર' કેમ ભુલાય...!!! તે એટલા માટે ન ભૂલાય કે ગાંધીનગરના ઉત્કર્ષમાં તેનું યોગદાન પણ જેવું તેવું નથી. ગાંધીનગર આપણાં બધાને ગમે છે કારણ કે ગાંધીનગર સુંદર, સ્વચ્છ અને હરિયાળું છે. તેનું આ ટાઈટલ બરકરાર રહે તે માટે આપણે સૌ નગરજનોએ પણ ચિંતા કરવી જોઈએ. આપણે સૌ સાથે મળીને સંકલ્પ કરીએ કે તેને ક્યારેય ગંદુ કે કદરુપું નહીં થવા દઈએ.

## ગાંધી શાંતિ પ્રતિષ્ઠાન દિલ્હી ખાતે ડૉ ગુલાબચંદ પટેલ 'લોક કલ્યાણ અવૉર્ડ'થી સન્માનિત

ગાંધીનગર, તા.૨૬
સોશિયલ મોટીવેશનલ ટ્રસ્ટના વાર્ષિક સમારોહમાં ગાંધી શાંતિ પ્રતિષ્ઠાન દિલ્હી ખાતે ગાંધીનગરના સામાજિક કાર્યકર વયસન મુક્તિ અભિયાન પ્રણેતા, મહિલાઓ માટે બ્રેસ્ટ કેન્સર અવેરનેસ પ્રોગ્રામ યોજનાર, આત્મહત્યા નિવારણ કેન્દ્ર મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગરના પ્રમુખ ઉમિયા ગૌ શાળા એવંમ ગુરુકુળ સંસ્થાન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ, અખિલ ભારતીય ગુરુકુળ ગૌ શાળા અનુસંધાન સંસ્થાન નોઈડા ના ગુજરાત પ્રદેશ ના અધ્યક્ષ હિન્દી ગુજરાતી કવિ લેખક અને અનુવાદક ડૉ ગુલાબચંદ પટેલ ને તેઓની સામાજિક સેવાઓ ને ધ્યાનમાં લઈને 'લોક કલ્યાણ અવૉર્ડ' ટ્રોફી શાલ અને ફૂલમાળા દ્વારા સોશિયલ મોટીવેશનલ ટ્રસ્ટના રાષ્ટ્રીય અધ્યક્ષ મમતાસિંહ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.



ડૉ. ગુલાબચંદ પટેલે આ કાર્યક્રમમાં હિન્દીમાં પોતાની રચના પ્રસ્તુત કરી હતી અને ઝુમ ચેનલ ના માધ્યમ થી રાજ્ય સભા સાંસદ વિજય ગોયલનો ઈન્ટરવ્યૂ પણ લીધો હતો. આ કાર્યક્રમમાં ડૉ. ગુલાબચંદ પટેલ દ્વારા સોશિયલ મોટીવેશલ ટ્રસ્ટના રાષ્ટ્રીય અધ્યક્ષ આદરણીય મમતા સિંહ ને વૈશ્વિક પરિપ્રેક્ષ્ય 'મેં ગાંધીજી ઔર અન્ય શોધ' પુસ્તક ભેટ આપ્યું હતું. ડૉ. ગુલાબચંદ પટેલને ખંભોળજ સાહિત્ય સંસ્થાના અધ્યક્ષ શૈલેષ વાણિયા દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## ગાંધીનગર ખાતે પતંજલિ યોગપીઠની સહયોગ શિક્ષક પ્રશિક્ષણ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૨૬
ગાંધીનગર ખાતે યોગગુરૂ સ્વામી રામદેવ મહારાજના આશીર્વાદથી તથા યોગાચાર્ય ડૉ. કાનજીભાઈ બાવરીના સાનિધ્યમાં પતંજલિ યોગ સમિતિ, મહિલા પતંજલિ યોગ સમિતિ તથા માનસ યોગ સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે સહયોગ શિક્ષક પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. મહિલા પતંજલિ જિલ્લા પ્રભારી ડૉ. નેહલ દેસાઈએ જણાવ્યું હતું કે સહયોગ, શિક્ષક પ્રશિક્ષણ શિબિરનો શુભારંભ તા. ૧લી મે રવિવારના રોજથી થઈ રહ્યો છે જેનો મુખ્ય ઉદ્દેશ યોગ, આયુર્વેદ, નેચરોપથી, એક્યુપ્રેશર થેરાપી, પ્રાથમિક ઉપચાર વગેરેનો ગહન પ્રચાર-પ્રસાર કરી ઘર-ઘર સુધી યોગને પહોંચાડવાનો છે. આ શિબિર સેક્ટર-૭માં ચ-૩ સર્કલ પાસેના ડિવાઈન યોગ એન્ડ નેચરોપેથી સેન્ટર ખાતે એક માસ સુધી ચાલશે જેનો સમય દરરોજ સવારે પાંચથી સાત વાગ્યા સુધીનો રાખવામાં આવ્યો છે. શિબિર માટે વય મર્યાદા ૧૫ વર્ષથી ઉપરની અને રજીસ્ટ્રેશન માટેની અંતિમ તારીખ ૨૭મી એપ્રિલ નિયત કરવામાં આવી છે તેમજ સહયોગ શુલ્ક રૂ. ૧૫૯૯ રાખવામાં આવ્યું છે.

સહયોગ શિક્ષક પ્રશિક્ષણ શિબિરના અભ્યાસક્રમમાં યોગના મૂળભૂત સિદ્ધાંત, અષ્ટાંગયોગ, ષટકર્મ, પંચકર્મ, એક્યુપ્રેશર, આયુર્વેદ, માનવ શરીર રચના, પારંપરિક વ્યાયામ, અષ્ટચક્ર, પંચતત્વ, પંચકોશ, પંચપ્રમાણ, સપ્તધાતુ, દિનચર્યા, રોગ અનુસાર અભ્યાસ વગેરે વિષય ઉપર ખુબ જ ગહન માહિતી પૂરી પાડી પ્રત્યેક વસ્તુનો ઉંડાણપૂર્વક અભ્યાસ સાથે આદર્શ યોગ શિક્ષક બનવાની ઉત્તમ તાલીમ આપવામાં આવશે. આ સાથે તાલીમ પૂર્ણ થયા બાદ પતંજલિ યોગ સમિતિ હરિદ્વાર દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવશે. આ પ્રમાણપત્ર ભારતના દરેક રાજ્યમાં માન્યતા ધરાવે છે જેથી તાલીમ લીધેલ વ્યક્તિ કોઈપણ જગ્યાએ પોતાનો સ્વતંત્ર યોગ વર્ગ ચલાવી શકશે તેવુ આયોજકો દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે. તાલીમ દરમિયાન શીખવામાં આવનાર અભ્યાસ સંબંધી પુસ્તકો પૂરા પાડવામાં આવશે તેમજ હરિદ્વારની પતંજલિ યોગ સમિતિના વરીષ્ઠ અધિકારીઓ દ્વારા વિશેષ યોગ સત્રનું આયોજન કરવામાં આવશે. શિબિર અંગે માહિતી માટે હિતેન્દ્રભાઈ બાવરી અથવા મહિલા પતંજલિ જિલ્લા પ્રભારી ડૉ. નેહલ દેસાઈનો સંપર્ક મો. નં. ૯૪૦૯૨૧૨૫૬૭૫ પર કરવા જણાવ્યું હતુ.

## પુર્વ ધારાસભ્યોને પણ પેન્શન મળવું જોઈએ : એક્સ એમએલએ કાઉન્સિલ

### ગુજરાત એક્સ એમએલએ કાઉન્સિલની ૪૮મી કારોબારી બેઠક યોજાઈ : ચેરમેન પદે ફરી એકવાર બાબુભાઇ મેઘજીભાઇ શાહની વરણી

ગાંધીનગર, તા.૨૬
ગાંધીનગરના સર્કિટહાઉસ ખાતે આજે ગુજરાત એક્સ એમએલએ કાઉન્સિલની ૪૮મી કારોબારી બેઠક યોજાઈ હતી. કોરોના મહામારીના કારણે બે વર્ષ બાદ યોજાયેલી આ બેઠકમાં ચેરમેન પદે ફરી એકવાર બાબુભાઈ મેઘજીભાઈ શાહની પુનઃનિમણૂંક કરવામાં આવી હતી. આ ઉપરાંત દિવંગત થયેલા સભ્યોના સ્થાને નવા સભ્યોને સ્થાન આપવા જેવા આંશિક ફેરફારો સાથે બાકીના પૂર્વ કારોબારી અને હોદ્દેદારોને યથાવત રાખવામાં આવ્યાં હતા.

ગુજરાત એક્સ એમએલએ કાઉન્સિલના ચેરમેન બાબુભાઈ શાહે જણાવ્યું હતું કે "આ સમયમાં અમારા ૩૭થી વધુ સભ્યો રહ્યાં નથી, કેટલાંય સભ્યો કોરોનાથી મૃત્યુ પામ્યા છે પરંતુ તેમના સારવાર ખર્ચ પણ સરકારે આપ્યો નથી. અમારી મુખ્ય માંગ એ છે કે અન્ય રાજયની જેમ ગુજરાતના પુર્વ ધારાસભ્યોને પણ પેન્શન મળવું જોઈએ અને આ બાબતે અમે તમામ મંત્રી, ભાજપ પ્રદેશ પ્રમુખ સહિત તમામને રજૂઆત કરી છે, ૪૦ જેટલાં હોદ્દેદારોના હકારાત્મક જવાબ પણ મળ્યાં છે. અમે આંકડા



સહિતની પેન્શન અંગેની અન્ય રાજ્યોની વિગત સાથે માહિતી આપી છે તેમ છતાં સરકારને શું વાંધો છે એ ખ્યાલ નથી આવતો. ૨૫ વર્ષ કરતાં વધુ સમયથી કાઉન્સિલ રચાયું છે જેમાં અમે રાજય અને રાષ્ટ્રના પ્રશ્નોના હિતોની ચર્ચા કરીએ છીએ. અમે બગોદરાથી વાસદના રસ્તાંના કામ પૂરા કરવામાં પણ અમારી ભૂમિકા રહેલી છે, રાપરમાં ૧૬૦૦ ખેત તલાવડી બનાવી છે, ૧૨૦૦ કરોડ રૂપિયાની આવક સિંચાઈ વિભાગને અમારા સભ્યો મારફતે થઈ છે. અમારી માત્ર માસિક પેન્શનની માગણી છે જેમાં વધુમાં વધુ સરકારને માત્ર રૂ.૧૦ કરોડનો જ વાર્ષિક બોજ પડશે. જો કે સરકાર વિચારણાં જ કરે છે તેમ કહે છે, નહિ આપે તેમ પણ નથી કહેતા. મહારાષ્ટ્રમાં પુર્વ ધારાસભ્યોને ૮૦ હજાર પેન્શન અપાય છે. અમારી તો માત્ર ૨૦ હજાર પેન્શનની માગ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૯૮૦માં માધવસિંહ સોલંકીએ પેન્શન આપવાની જાહેરાત કરી હતી જે બાદમાં રદ્દ કરી હતી. જો સરકારે પેન્શન આપવું હોય તો ફરીથી ઠરાવ વિધાનસભામાં કરવો પડે. વર્તમાન અને પુર્વ ધારાસભ્યોમાં સારવાર ખર્ચ આપવામાં ભેદ રાખવામાં આવે છે. લોકશાહીમાં આ યોગ્ય નથી. સંખ્યાબંધ સભ્યોની ફરિયાદ છે કે તેમને સારવાર ખર્ચ નથી મળ્યાં. વિધાનસભા સચિવને પણ આ બાબતે રજૂઆત કરી છે. હાલ ૩૫૦ પુર્વ ધારાસભ્યોનું લીસ્ટ છે જેમાંથી ૩૭ના તો મૃત્યુ થઈ ચુક્યાં છે." આ બેઠકમાં ચીન અને જપાનની ભરતભાઈ બારોટ, કરસનદાસ સોનેરી, મહેન્દ્ર ત્રિવેદી, જયસિંહ ચૌહાણ, ભીખાભાઈ રબારી, ધીરુભાઈ ગજેરા, ડો.ચંદ્રિકાબેન ચુડાસમા સહિત અનેક પૂર્વ ધારાસભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

## રાજપીપળાના પીઆઈ બે લાખની લાંચ લેતા ઝડપાયા

### પીઆઈ લાંચ લેવા પ્લેનથી હરિયાણા પહોંચ્યા : સપ્લિમેન્ટરી ચાર્જશીટ રજૂ ન કરવા અને કેસને નબળો પાડી દેવા માટે જગદીશ ચૌધરીએ લાંચ માગી

અમદાવાદ,તા.૨૬
ગુજરાતના રાજપીપળાના ટાઉન પોલીસ સ્ટેશનના પીઆઈ જગદીશ ચૌધરીને હરિયાણામાં ૨ લાખ રૂપિયાની લાંચ લેવી ભારે પડી ગઈ હતી. ૨ લાખ રૂપિયાની લાંચ લેતાં હરિયાણાની સ્ટેટ વિજિલન્સ બ્યૂરોની રોહતકની ટીમે તેમને રંગહાથે ઝડપી લીધા હતા. જે બાદ પીઆઈ જગદીશ ચૌધરીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટે જગદીશ ચૌધરીને જ્યુડિશિયલ કસ્ટડીમાં જેલમાં મોકલી દીધા હતા. જગદીશ ચૌધરી લાંચ લેવા માટે પ્લેનથી રવિવારની સાંજે દિલ્હી પહોંચ્યા હતા. થોડા મહિનાઓ રાજપીપળા પોલીસ દ્વારા અગાઉ બિરસા મુંડા યુનિવર્સિટીના નામ પર ફેક ડિગ્રી બનાવવાનું રેકેટ ઝડપી પાડ્યું હતું. આ કેસમાં સામેલ આરોપી સામે સપ્લિમેન્ટરી ચાર્જશીટ દાખલ ન કરવા અને કેસને નબળો પાડી દેવા માટે જગદીશ ચૌધરી દ્વારા ત્રણ લાખ રૂપિયાની લાંચ માગવામાં આવી હતી. જેમાં અગાઉ ૧૨ એપ્રિલના રોજ જગદીશ ચૌધરીને ૧ લાખ રૂપિયા પણ આપી દેવામાં આવ્યા હતા. પણ બાકીના બે લાખ રૂપિયા લેતાં તેઓને સ્ટેટ વિજિલન્સ ટીમે ઝડપી પાડ્યા હતા. આ મામલે સ્ટેટ વિજિલન્સના ડીએસપી સુમિત કુમારે જણાવ્યું હતું કે, થોડા મહિનાઓ અગાઉ ગુજરાતની બિરસા મુંડા યુનિવર્સિટીના નામ પર ફેક ડિગ્રી બનાવવાના મામલાનો પર્દાફાશ ગુજરાત પોલીસ દ્વારા કરવામાં આવ્યો હતો. આ મામલે નર્મદા જિલ્લાના રાજપીપળા પોલીસે ૧૦થી વધારે લોકોની ધરપકડ કરી હતી. તેમની પૂછપરછ દરમિયાન ફરીદાબાદના અમરનગરના રહેવાસી અમરિંદર પુરીની ભૂમિકા પણ સામે આવી હતી. ગુજરાત પોલીસ દ્વારા તેને ૨૪ ફેબ્રુઆરીના રોજ ધરપકડ કરી લેવામાં આવી હતી. અને તે હાલમાં ગુજરાતની જેલમાં બંધ છે અને તેની સામે ચાર્જશીટ પણ રજૂ થઈ ચૂકી છે. ડીએસપી સુમિત કુમારે વધુમાં જણાવ્યું હતું કે, આરોપ છે કે, રાજપીપળાના પોલીસ ઈન્સ્પેક્ટર જગદીશ ચૌધરીએ અમરિંદર પુરીના મામા સંદીપ પુરી પાસે ત્રણ લાખ રૂપિયાની લાંચ માગી હતી. અને કહ્યું હતું કે, તે તેમના ભત્રીજાની સામે સપ્લિમેન્ટરી ચાર્જશીટ રજૂ નહીં કરે અને કેસને નબળો પણ પાડી દેશે. આ વાત થતાં સંદીપ પુરીએ ૧૨ એપ્રિલે ગુજરાતમાં ઈન્સ્પેક્ટર જગદીશના ઘરે એક લાખ રૂપિયાની લાંચ આપવા ગયા હતા. જે બાદ જગદીશ સતત બે લાખ રૂપિયા આપવા માટે દબાણ કરતા હતા. તેવામાં પરેશાન થઈને સંદીપ પુરીએ ઈન્સ્પેક્ટરની સામે વિજિલન્સમાં ફરિયાદ કરી હતી. સંદીપ પુરીએ જગદીશ ચૌધરીને ૨ લાખ રૂપિયા આપવાની વાત કરી હતી. અને ગુરુગ્રામના સેક્ટર-૪૯ વિસ્તારમાં એક ગેસ્ટ હાઉસમાં લાંચ આપવાનું નક્કી થયું હતું. નક્કી કરેલ સમય પર ઈન્સ્પેક્ટર ગેસ્ટ હાઉસ પર પહોંચી ગયા હતા.

## ઈન્ટર ડિસ્ટ્રિક્ટ સિનિયર ટુડેઝ-૨૦૨૨૨ ટૂર્નામેન્ટમાં ગાંધીનગર રનર્સ અપ



### જીસીએ આયોજીત બેદિવસીય ક્રિકેટ ટૂર્નામિન્ટમાં ગાંધીનગરની સિનિયર ટુડેઝ ક્રિકેટ ટીમનું પ્રસંશનીય પ્રદર્શન : ક્ષિતિજ પટેલ, અભિષેક પંડ્યા, આશિષ ઉનિયાલ, રાકેશ યાદવ અને સ્નેહ શાહ ઝળક્યાં

ગાંધીનગર, તા. ૨૬
ગુજરાત ક્રિકેટ એસોસિયેશન દ્વારા આણંદ ખાતે આયોજીત રિલાયન્સ ઈન્ટર ડિસ્ટ્રિક્ટ સિનિયર ટુડેઝ-૨૦૨૨૨ ટૂર્નામેન્ટમાં ગાંધીનગરની સિનિયર ટુડેઝ ક્રિકેટ ટીમે પ્રસંશનીય પ્રદર્શન કર્યુ હતું. ગાંધીનગર સિનિયર ટુડેઝ ટીમે આ ટૂર્નામેન્ટમાં આણંદ, ખેડા અને અમદાવાદ જેવી ટીમોને પરાસ્ત કરી હતી જોકે ફાઈનલ મેચમાં સુરતની ટીમ સામે પરાજય થતાં રનર્સ અપ બની હતી. રિલાયન્સ ઈન્ટર ડિસ્ટ્રિક્ટ સિનિયર ટુડેઝ-૨૦૨૨૨ ટૂર્નામેન્ટની રમાયેલી ફાઈનલ મેચમાં સુરત સિનિયર ટુડેઝ ટીમે ટોસ જીતીને પ્રથમ બેટીંગ કરવાનો નિર્ણય કર્યો હતો. પોતાની પ્રથમ ઈનિંગમાં સુરતની ટીમે ૫૮૨ રન ખડક્યાં હતા જેમાં હાલના ગુજરાત રણજી ટીમના કપ્તાન ભાર્ગવ મેરાઈએ ૩૦૦રનની અણનમ ઈનિંગ રમી હતી અને પ્રિયંક પટેલે પણ ૧૪૭ રન ફટકાર્યા હતા. ગાંધીનગરની ટીમ વતી રાકેશ યાદવની સદી અને ક્ષિતિજ પટેલની અર્ધસદી સાથેની લડાયક રમત છતાં ટીમનો પરાજય થયો હતો અને રનર્સઅપના સ્થાનથી સંતોષ માણવો પડ્યો હતો. ગાંધીનગરની ટીમ વતી ટૂર્નામેન્ટમાં ક્ષિતિજ પટેલ, અભિષેક પંડ્યા, આશિષ ઉનિયાલ, રાકેશ યાદવ અને સ્નેહ શાહ જેવા ખેલાડીઓ ઝળક્યાં હતા.

## ડિવાઈન જુનિયર પ્રિસ્કૂલમાં 'અર્થ ડે'ની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૫
સેક્ટર-૫ અને સરગાસણની પ્રખ્યાત ડિવાઈન જુનિયર પ્રિસ્કૂલમાં 'અર્થ ડે'ની રંગારંગ ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં બાળકોને વિવિધ જાતની પ્રવૃત્તિ સાથે પૃથ્વી દિવસની માહિતી આપવામાં આવી હતી. સંસ્થાના સ્થાપક ગીરા ચૌધરી વિવિધ આયોજનો થકી સંસ્થાનો સર્વાંગી વિકાસ વિકસાવી રહ્યા છે.